# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મહિલા કર્મચારીઓ/અધિકારીઓ માટે ‘નાણાકીય સાક્ષરતા અને જાગૃતિ’ વિષય પર સેમીનાર યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે કાર્યરત મહિલા કર્મચારીઓના કલ્યાણ અને તેમનામાં આર્થિક વ્યવસ્થાપન (Financial Management) ના કૌશલ્યમાં વૃધ્ધિ થાય તેવા ઉમદા હેતુથી તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ Financial Literacy and Awareness Program વિષય પર  સેમીનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સુશ્રી નેહા, એસોસિએટ-બિઝનેસ ડેવલપમેન્ટ ધ્વારા ફાઇનાન્શિયલ કોચ અને એજ્યુકેટર, શ્રી વ્રીજેશ ઠક્કર મુખ્ય વક્તા તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મોકલવામાં આવેલ હતા.

વર્તમાન સમયમાં મહિલાઓ આર્થિક રીતે સર, સ્વતંત્ર અને જાગૃત બને તે અત્યંત અનિવાર્ય છે. આ જરૂરિયાતને ધ્યાને રાખીને, 'Advisors Skills Development Organization' ના સહયોગથી આ સેમીનાર યોજાયો હતો. સેમીનારના મુખ્ય વક્તા શ્રી વ્રીજેશ ઠક્કર, જેઓ છેલ્લા ૩ વર્ષથી વધુ સમયથી આ ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવે છે, તેમણે ઉપસ્થિત મહિલા અધિકારીઓ અને કર્મચારીઓને ખૂબ જ સરળ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે મુખ્યત્વે નાની બચત કેવી રીતે ભવિષ્યમાં મોટું ભંડોળ બની શકે, સુરક્ષિત અને લાંબાગાળાના રોકાણ માટેના વિવિધ માધ્યમો, ઘર અને ભવિષ્યના લક્ષ્યોને પહોંચી વળવા માટેનું સચોટ પ્લાનિંગ કરવા જણાવેલ હતુ.

આ સેમીનારમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના મહિલા કર્મચારીઓ/અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી સત્ર રાખવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓએ પોતાના આર્થિક રોકાણને લગતી મૂંઝવણોનું નિષ્ણાત પાસેથી નિરાકરણ મેળવ્યું હતું.




